૧
૦

**સમાજ સુરક્ષા ખાતાની વિકલાંગ કલ્યાણ હેઠળની ૩૩ શાળાઓને ઈ–લર્નિંગ પ્રોજેકટ હેઠળ સ્માર્ટ <u>સ્કૂલ બનાવવા બાબત.</u>**
**રૂા.૨૪૭.૫૦ લાખ**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૬/૯૨૫૦૩/ન.બા.૧૫/છ.૧**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 13 APR 2016

<u>વંચાણે લીધા :–</u>

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૮/૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/અપગ/૨૦૧૫–૧૬/૧૯

<u>ઠ રા વ :–</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગને સમાંતર ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ઈ–લર્નિંગ પ્રોજેકટ હેઠળ સમાજ સુરક્ષા ખાતાની ૩૩ વિકલાંગ કલ્યાણની શાળાઓને સ્માર્ટ શાળા તરીકે તૈયાર કરવાનું નકકી થયેલ છે.સ્માર્ટ શાળાકીય અભિગમ ધ્વારા વર્ગ ખંડમાં ઈન્ટરએકટીવ વાતાવરણ તૈયાર કરીને વિકલાંગ બાળકોને સંપૂર્ણ રીતે સ્વનિર્ભર બનાવવા માટે અને તેના વ્યકિતત્વના સંપૂર્ણ ઘડતર માટે સ્માર્ટ શાળાઓ અગત્યનો ભાગ ભજવી શકે છે. જેના ધ્વારા બાળકનો સર્વગ્રાહી વિકાસ ઝડપથી સાધી શકાય છે તેમજ વિકલાંગ બાળકો જેવા કે અસ્થિવિષયક વિકલાંગ, મુક–બધિર,અંધ વગેરે માટે ખાસ ડિઝાઈન કરેલ શૈક્ષણિક સામગ્રી ઈ–કન્ટેન્ટ ધ્વારા શિક્ષણ પુરૂ પાડીને વિકલાંગ બાળકને ઝડપથી સમાજના સાંપ્રત પ્રવાહમાં ભેળવી શકાય છે.

૨/– સમાજ સુરક્ષા ખાતા હસ્તક વિકલાંગ કલ્યાણની ૧૩૫ શાળાઓ હાલ કાર્યરત છે જે પૈકીની ૩૩ શાળાઓને ચાલુ વર્ષે સ્માર્ટ શાળાઓ તરીકે રૂપાંતરીત કરવાની નવી બાબત વંચાણે લીધેલ પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ દરખાસ્ત કરેલ હતી.જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩/– પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતાની વિકલાંગ કલ્યાણ યોજના હેઠળની–૩૩ શાળાઓમાં સ્માર્ટ સ્કૂલ ઈ–લર્નિંગ પ્રોજેકટ માટે શાળા દીઠ રૂા.૭.૫૦ લાખ લેખે અનુદાન આપવા અંગેની રૂા.૨૪૭.૫૦ લાખની ઉપરોકત નવી બાબતને નીચેની શરતોએ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઈ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ–એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ–ટેન્ડરીગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) વિભાગે આ અંગેની યોજના તૈયાર કરી વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૧૦) વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની પ્રવર્તમાન સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૪/– આ અંગેનો ખર્ચ માંગણી નં–૯૨, પેટા મુખ્ય સદરઃ ૦૨ સમાજ કલ્યાણ–ગૌણ સદરઃ ૧૦૧–વિકલાંગોનું કલ્યાણ પેટા સદર–૦૩ SCW-8 વિકલાંગના કલ્યાણ માટે યોજના (પ્લાન) બાબતનઃ (૧૩) વિકલાંગો માટેની ૩૩ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને સ્માર્ટ સ્કૂલ ઈ–લર્નિંગ પ્રોજેકટ માટે અનુદાન સદરે કરવાનો રહેશે.

૫/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૬ની અંતિત નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિઃ–

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ–૧,સચિવાલય,ગાંધીનગર.

(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત,અમદાવાદ/રાજકોટ

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી,(સા.ન્યા અને અ.વિભાગ) બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ.સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ

RAJ10-91-93